

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી : મીનાક્ષી રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-05 ■ તા. 16-02-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# ઉત્તર કોરિયાએ અમેરિકા પર પરમાણુ બોમ્બ ઝીંકવા અત્યાધુનિક મિસાઈલ બનાવી, પેંટાગોનનું 'રેડ એલર્ટ'




ઉત્તર કોરિયાના તાનાશાહ કિન જોંગ ઉન અમેરિકાને સૌથી મોટો દુશ્મન દેશ માને છે. પેંટાગોનના ટોચના અધિકારીએ ચેતવણી આપી છે કે, ઉત્તર કોરિયા અમેરિકામાં ગમે તે સ્થળે હુમલો કરવાની યોજના બનાવી છે અને તેણે ઈન્ટરકૉન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ (ૈંઝ્રમ્સ)ના સીરિયત ઉત્પાદન વધારવાની તૈયારી શરૂ કરી દીધી છે. ઉત્તર કોરિયાના તાનાશાહ આ મિસાઈલથી અમેરિકામાં ગમે તે સ્થળે હુમલો કરીને તબાહી મચાવી શકે છે.તેમણે કહ્યું કે, કિમ જોંગ-ઉનનું પ્રશાસન કદાચ અમેરિકા પર પરમાણુ હુમલો કરાવ માટે સક્ષમ મિસાઈલોનું ઉત્પાદન કરી રહ્યું છે. જનરલ ગ્રેગરી ગુઈલોટે ચેતવણી આપી છે અને તેમાં કહ્યું છે કે, ઉત્તર કોરિયાના સોલિડ ફ્યૂલ પ્રોપેલેન્ટ ડિઝાઈનનો અર્થ છે કે, કિમ જોંગ ઉન ઓછા સમયમાં અમેરિકા પર હુમલો કરી શકે છે.

અમેરિકાના અધિકારીઓએ 'ઉત્તર કોરિયાએ ઓક્ટોબરમાં હ્વાસોંગ-૧૯ૈંઝ્રમ્સનું ટેસ્ટિંગ કર્યું હતું' તે જોતા સંકેત આપ્યા છે. તેમણે ચેતવણી આપી છે કે, પ્યોંગયાંગના નિવેદન પરથી જાણવા મળ્યું છે કે, ઉત્તર કોરિયા 'રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ' તબક્કાને આગળ વધારી બહોળી સંખ્યામાં મિસાઈલોનું ઉત્પાદન કરાવ માંગે છે. અમેરિકી અધિકારીએ કહ્યું કે, 'યુક્રેન સામે યુદ્ધ લડતા ઉત્તર કરોરિયાના સૈનિકો જીવ જોખમમાં નાખવાની ક્ષમતા ધરાવે છે અને તેઓ કોઈપણ હદ પાર કરી શકે છે. અધિકારીની ચેતવણી બાદ અમેરિકા ચિંતિત થઈ ગયું છે. યુએસ ઈન્ડો-પેસિફિક કમાન્ડના પ્રમુખ એડમિરલ સૈમુઅલ પાપારોએ નવેમ્બરમાં ઈન્સ્ટીટ્યૂશનના એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, 'ઉત્તર કોરિયા સતત મિસાઈલોનું ટેસ્ટિંગ કરી રહ્યું છે. જોકે તેમણે એમ પણ કહ્યું કે, આ મુદ્દે હાલ અમેરિકા પાસે કોઈપણ પુરાવા નથી કે, ઉત્તર કોરિયાએૈંઝ્રમ્સ ક્ષમતા મેળવી લીધી છે. ઉત્તર કોરિયાના તાનાશાહે આ મિસાઈલને દુશ્મનોને રોકવા માટેની હથિયાર ગણાવી છે.

## કેન્દ્ર અને કિસાનો વચ્ચેની એમએસપી સહિતની માંગ મુદ્દે મળેલી બેઠક અનિર્ણાયક રહી

સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) અને કેએમએમના ૨૮ ખેડૂત નેતાઓએ શુક્રવારે ચંદીગઢમાં કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશી સાથે સ્જીઁ સહિત ૧૧ મુદ્દાઓ પર બેઠક યોજી હતી. સાંજે ૫:૧૧ થી ૮:૩૦ વાગ્યા સુધી ચાલેલી આ બેઠક અનિર્ણિત રહી છે.ખેડૂતોએ ચેતવણી આપી હતી કે કેન્દ્રએ સ્જીઁ ગેરંટીની માંગને હળવાશથી ન લેવી જોઈએ. હવે આગામી બેઠક ૨૨ ફેબ્રુઆરીએ કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ સાથે યોજાશે.ખેડૂતો ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૪થી હરિયાણા-પંજાબની શંભુ અને ખાનૌરી બોર્ડર પર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે, પાક પર લઘુત્તમ ટેકાના ભાવ (સ્જીઁ)ની ખાતરી આપતા કાયદાની માંગણી સાથે, અન્ય માંગણીઓ અંગે આંદોલન કરી રહ્યા છે. કેન્દ્રીય મંત્રી અને ખેડૂત નેતાઓએ બેઠક પછી જોશીએ કહ્યું કે અમે ખેડૂત નેતાઓની બધી માંગણીઓ સાંભળી છે ખેડૂત નેતાઓ સાથે અમારી બેઠક સારા વાતાવરણમાં થઈ છે અમે ખેડૂત નેતાઓની બધી માંગણીઓ સાંભળી અમે તેમને બજેટમાં ખેડૂતો માટે લેવામાં આવેલા નિર્ણયો વિશે જણાવ્યું. ૨૨ ફેબ્રુઆરીએ ચંદીગઢમાં કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણના નેતૃત્વમાં એક બેઠક યોજાશે.ખેડૂત નેતા જગજીત સિંહ ડલ્લેવાલે જણાવ્યું હતું કે બેઠક સકારાત્મક રહી. સરવન સિંહ પંઢેરે કહ્યું કે ખેડૂત સંગઠનો કેન્દ્ર સાથે વાતચીત દ્વારા મુદ્દાઓનું નિરાકરણ લાવવા માંગે છે, પરંતુ સરકારનો અભિગમ પણ સારો હોવો જોઈએ. લોકોને એમ કહીને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે કે સ્જીઁ લાગુ કરવાથી વાર્ષિક ૧ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.પંજાબના કૃષિ મંત્રી ગુરમીત સિંહ ખુદિયાને કહ્યું કે રાજ્ય સરકાર ખેડૂતો સાથે ખભા મિલાવીને ઉભી છે. કેન્દ્રએ ખેડૂતોની માંગણીઓ પર સહાનુભૂતિપૂર્વક વિચાર કરવો જોઈએ અને શક્ય તેટલી વહેલી તકે તેનો ઉકેલ લાવવો જોઈએ.સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) ના જગજીત ડલ્લેવાલ અને કિસાન મજૂર મોરચાના સરવન પંઢેરે પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું. ખાનૌરી બોર્ડર પર ૮૨ દિવસથી ભૂખ હડતાળ પર રહેલા ડલ્લેવાલ એમ્બ્યુલન્સમાં ચંદીગઢ પહોંચ્યા. તેમને સ્ટ્રેચર પર કોન્ફરન્સ હોલમાં લઈ જવામાં



આવ્યા.કેન્દ્રએ અત્યાર સુધીમાં ૫ વખત ખેડૂતો સાથે વાતચીત કરી ચૂકી છે.શંભુ અને ખાનૌરી બોર્ડર પર ખેડૂતોનું આંદોલન ૧૩ ફેબ્રુઆરીથી શરૂ થયું હતું.પછી તેઓ દિલ્હી તરફ કૂચ કરવા નીકળ્યા હતા પરંતુ પોલીસે તેમને બેરિકેડિંગ કરીને અટકાવ્યા હતા. ત્યારથી તેઓ ત્યાં બેઠા છે.આ પછી, આંદોલનકારી ખેડૂતો અને કેન્દ્ર સરકારે ચંદીગઢમાં પાંચ બેઠકો યોજી હતી પરંતુ કોઈ નિર્ણય લેવામાં આવ્યો ન હતો.

## દરિયાપુરમાં કોર્પોરેશનની દાદાગીરી, વગર નોટીસે ૧૦૦ જેટલા દબાણો અને ઝૂંપડાં પર બુલડોઝર ફેરવ્યું




અમદાવાદમાં જાહેર રસ્તાઓ પર લારીઓ અને ઝૂંપડાંના દબાણો ઠેર-ઠેર જોવા મળે છે. જેના લીધે શહેરના મુખ્યમાર્ગો અને આંતરિક રસ્તાઓ સાંકડી ગલીઓ જેવા બનતા જાય છે. ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજે દરિયાપુરના રામલાલના ખાડામાં વર્ષોથી લોકોએ કરેલા દબાણો દૂર કરવામાં આવ્યા છે. એ.એમ.સી. દ્વારા બુલડોઝર ફેરવી ૧૦૦ જેટલા ઝૂંપડાં તોડી પાડવામાં આવ્યા છે. ત્યારે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ આક્ષેપ લગાવ્યો છે કે કોર્પોરેશન દ્વારા કોઇ નોટીસ અથવા મૌખિક જાણકારી આપી ન હતી. વહેલી સવારથી બુલડોઝર ફેરવી દેતાં તેમની ઘરવખરીને ભારે નુકસાન થયું છે.

## દેવેન્દ્ર ફડણવીસ અને એકનાથ શિંદે વચ્ચે તિરાડની અટકળો તેજ, બેઠકમાં ગેરહાજર રહ્યા નાયબ મુખ્યમંત્રી?

મહારાષ્ટ્ર મહાયુતિમાં બધું બરોબર ચાલી રહ્યું નથી. તેને લઇને અનેક પ્રકારના સવાલો ઉભા થયા છે. આ સવાલ એટલા માટે ઉદભવી રહ્યા છે કે કારણ કે થોડા દિવસો પહેલાં સીએમ દેવેન્દ્ર ફડણવીસે એક બેઠક બોલાવી હતી, જેમાં નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંડેને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ શિંદે આ બેઠકમાં હાજર રહ્યા ન હતા. જેને લઇને અનુમાન



લગાવવામાં આવી રહ્યું છે કે ફડણવીસ અને શિંદે વચ્ચે બધુ બરોબર ચાલી રહ્યું નથી.

જોકે ૨૦૨૭માં નાસિકમાં યોજાનારા કુંભ મેળાને લઇને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં નાસિક મહાનગર ડેવલપમેન્ટ ઓથોરિટીની સમીક્ષા બેઠક યોજાઇ હતી. જેમાં એકનાથ શિંદે જોડાયા ન હતા. આ બેઠકના બે દિવસ બાદ નાય મુખ્યમંત્રી એકનાથ શિંદેએ શુક્રવારે નાસિકનો પ્રવાસ કર્યો હતો અને કુંભ મેળાને લઇને અલગથી સમીક્ષા બેઠક યોજી હતી, જેમાં સત્તારૂઢ ગઠબંધનના સહયોગીઓ વચ્ચે તિરાડની અડકળો તેજ થઇ છે.

જોકે એકનાથ શિંદેએ દાવો કર્યો છે કે તેમણે સમીક્ષા બેઠક એટલા માટે કરી, કારણ કે તે પાર્ટીની રેલી માટે નાસિકમાં હતા. તેમણે કહ્યું હતું કે ગઠબંધનમાં કોઇ તિરાડ નથી. તેમણે એ પણ કહ્યું કે નાસિક અને રાયગઢના સંરક્ષક મંત્રી પદનો મુદ્દો જલદી જ ઉકેલવામાં આવશે.

થોડા દિવસો પહેલાં ફડણવીસે કુંભ મેળા માટે મુંબઇના સહ્યાદ્રી ગેસ્ટ હાઉસમાં નાસિક મહાનગર ડેવલપમેન્ટ ઓથોરિટીની સમીક્ષા બેઠક બોલાવી હતી. આ બેઠકમાં શિંદેને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જોકે શિંદે બેઠકમાં જોડાયા ન હતા. આ પહેલાં જ્યારે મંત્રી ગિરીશ મહાજને નાસિકમાં બેઠક બોલાવી હતી તો શિંદેના નેતૃત્વવાળી શિવસેનાના મંત્રી દાદા ભુસે, જે નાસિક સંરક્ષક મંત્રી પદ માટે ઉત્સુક છે, બેઠકમાં જોડાયા ન હતા. નાસિકના સંરક્ષક મંત્રી પદને લઇને સત્તારૂઢ ગઠબંધન, ખાસકરીને ભુસે અને મહાજન વચ્ચે ખેંતચાણ ચાલી રહી છે, જેના પર શિવસેના અને ભાજપ બંને દાવા કરી રહી છે. આ પદ મહત્વપૂર્ણ છે કારણ કે ૨૦૨૭માં નાસિકમાં કુંભ મેળો યોજાશે.

પત્રકારોના પ્રશ્નના જવાબમાં મહાજને કહ્યું કે તેમણે શિંદે દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. પરંતુ તેમની કેટલીક મજબૂરીઓ હતી, એટલા માટે તે જોડાઇ શક્યા નથી.

## છત્તીસગઢમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસના સૂપડાં સાફ, ૧૦ નગર નિગમમાં કમળ ખીલ્યું



છત્તીસગઢમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કેસરિયો લહેરાયો છે. ભાજપે તમામ ૧૦ નગર પાલિકામાં મેયર પદની ચૂંટણી જીતી લીધી છે. સૌથી મોટી જીત રાયપુરમાં મીનલ ચૌબેને મળી છે. મીનલ ચૌબેએ ૧ લાખ ૫૩ હજારથી વધુ મતથી દિપ્તિ દુબેને હરાવ્યા છે. રાયપુરમાં આ અત્યાર સુધીની સૌથી મોટી જીત છે. રાયપુરમાં ૧૫ વર્ષ સુધી કોંગ્રેસના મેયર હતાં. આ સિવાય દુર્ગ, રાજનાંદગાંવ, બિલાસપુર, જગદલપુર, અંબિકાપુર, રાયગઢ, ચિરમિરિના નગર પાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસના સૂપડાં સાફ થઈ ગયાં છે.

રાજનાંદગાંવ નગર પાલિકામાં મેયર પદ માટે થયેલી ચૂંટણીમાં ભાજપના મધુસુદન યાદવે જીત મેળવી છે. ચૂંટણીમાં મધુસુદનને કુલ ૬૨,૫૧૭ મત મળ્યા છે. જ્યારે નિખિલ દ્વિવેદીને કુલ ૨૧,૩૭૯ મત મળ્યા છે. મધુસુદન યાદવે કોંગ્રેસના નિખિલ દ્વિવેદીને ૪૧,૧૩૮ મતોથી હરાવ્યા છે. અહીં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સીધો મુકાબલો હતો. મધુસુદન યાદવ ભૂતકાળમાં સાંસદ અને મેયર પણ રહી ચુક્યા છે. મધુસુદનને ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને વિધાનસભા અધ્યક્ષ ડૉ. રમણ સિંહના નજીકના માનવામાં આવે છે. કારણ કે આ ડૉ. રમણ સિંહનું હોમ ટાઉન છે અને તેમનો જાદુ અહીં કામ કરી ગયો. ડૉ. રમણે મુખ્યમંત્રી સાથે ચૂંટણી સભાઓ કરી હતી. કોંગ્રેસે પહેલી વાર અહીં નિખિલ દ્વિવેદીને મેદાનમાં ઉતાર્યા હતા.

## કોંગ્રેસના સંગઠનમાં મોટા ફેરબદલ: ગુજરાતનાં બે દિગ્ગજ નેતાઓની બાદબાકી

કોંગ્રેસ દ્વારા શુક્રવારે પોતાના રાષ્ટ્રીય સંગઠનમાં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં બે નવા મહાસચિવો અને નવ રાજ્ય પ્રભારીઓની નિમણૂંક કરવામાં આવી છે. પાર્ટીએ મહાસચિવ તરીકે છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભુપેશ બઘેલ અને રાજ્યસભાના સભ્ય નાસિર હુસૈનની નિમણૂંક કરવામાં આવી છે. આ સિવાય વિવિધ રાજ્યોના પ્રભારી તરીકે રજની પાટિલ, બી.કે હરિપ્રસાદ, મીનાક્ષી નટરાજન સહિત નવ નેતાઓને નિયુક્ત કરાયા છે. આ સિવાય કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ રાજીવ શુક્લા, મોહન પ્રકાશ, દેવેન્દ્ર યાદવ, અજય કુમાર, દીપક બાબરિયા અને ભરતસિંહ સોલંકીને પ્રભારી પદેથી મુક્ત કરી સેવા નિવૃત્ત કર્યાં છે. જોકે, તેમને ફક્ત જવાબદારીમાંથી મુક્ત કર્યા છે પણ તેઓ પક્ષમાં સેવા આપતા રહેશે. નોંધનીય છે કે, રાજીવ શુક્લા હિમાચલ પ્રદેશના પ્રભારી, મોહન પ્રકાશ બિહારના પ્રભારી, દેવેન્દ્ર યાદવ પંજાબના પ્રભારી, અજય કુમાર ઓડિશાના પ્રભારી, દીપક બાબરિયા હરિયાણાના પ્રભારી અને ભરતસિંહ સોલંકી જમ્મુ-કાશ્મીરના પ્રભારી હતાં.

## તંત્રી લેખ...

### દેશભરમાં ATMમાં કેશ મેનેજમેન્ટ કરતી ટોચની કંપની AGS ભારે દેવાને કારણે ફડચામાં જવાની અણીએ

છેલ્લા કેટલાક સમયથી અનેક બેંકોના એટીએમમાં પૈસાની અછતની ફરિયાદો મળી રહી છે. ખાસ કરીને આઈસીઆઈસીઆઈ સહિતની ખાનગી અને સરકારી બેંકોના એટીએમ ખાલી જોવા મળતા હતા. આ સમસ્યા પાછળ એજીએસ ટેક્નો જવાબદાર છે.કંપનીના કર્મચારીઓએ એટીએમ મશીનમાં રોકડ નાખવાની ના પાડી દીધી છે કારણકે કર્મચારીઓને ઘણા મહિનાઓથી પગાર મળ્યો નથી. તેના વિરોધમાં તેમણે રોકડ જમા કરાવવાનો ઈનકાર કર્યો છે.

કંપની પાસે માર્કેટમાં લગભગ ૧૫ ટકા બજાર હિસ્સો છે પરંતુ કંપની નાદારીના દ્વારે ઉભી છે. રિપોર્ટ અનુસાર બેંકો આ કંપનીને આપેલી લોન નોન-પર્ફોર્મિંગ એસેટ (એનપીએ) જાહેર કરી શકે છે. જો કંપની એનપીએ જાહેર થશે તો નાદારી પ્રક્રિયાના રસ્તા ખુલી જશે. ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધીના આધિકારીક ડેટા અનુસર એજીએસ ટ્રાન્ઝેક્ટ ટેક્નોલોજીસ લિમિટેડનું કુલ દેવું રૂ. ૮૧૬ કરોડ હતું. તેમાં રિવર્સ ફેક્ટરિંગનો સમાવેશ થાય છે પરંતુ લીઝ જવાબદારીઓનો સમાવેશ થતો નથી.ઈન્ડસ્ટ્રીના સૂત્રોના મતે લગભગ ૧૦૦૦-૧૫૦૦ કરોડ રૂપિયાની રોકડ ઇન્વેન્ટરી માટે જોખમ ઉભું થઈ શકે છે કારણકે તે એટીએમમાં નાખવામાં નથી આવી. એક ખાનગી બેંકના વરિષ્ઠ અધિકારીએ રિપોર્ટમાં જણાવ્યું કે ડિસેમ્બરમાં ડિફોલ્ટ વધવા લાગ્યા હતા અને ત્યારબાદ જ બેંકોએ આ અંગે આરબીઆઈને જાણ કરી કારણકે નિયમો અનુસાર એક કંપની સાથે જોડાણ બાદ અન્ય કોઈ સવસ પ્રોવાઈડર્સની સેવાઓનો લાભ બેંકો લઈ શકતી નથી.

# ચિંતામુક્ત થઈને જુસ્સા અને જોશ સાથે નિવૃત્તિ માણવા માટે કાળજીપૂર્વક અને શિસ્તબદ્ધ રિટાયરમેન્ટ પ્લાનિંગ જરૂરી



નિવૃત્ત માટે આર્થિક આઝાદી હાંસલ કરવાની આકાંક્ષા માટે કાળજીપૂર્વકનું આયોજન અને શિસ્તબદ્ધ અમલીકરણ જરૂરી છે. આ અનેકવિધ તબક્કા સાથેની લાંબા ગાળાની સફર છે. વ્યક્તિની વર્તમાન નાણાકીય સ્થિતિને ધ્યાનમાં રાખીને, ચોક્કસ લક્ષ્યો નિર્ધારિત કરવાની સાથે જ બચત માટેની મજબૂત યોજના, એ બધુ જ નિવૃત્તિ બાદ તમારું જીવન કેવું હશે તે નક્કી કરે છે. મજબૂત રિટાયરમેન્ટ પ્લાનિંગ એ માત્ર એવો તબક્કો નથી જ્યાં બચત અને રોકાણથી માત્ર રોજિંદા ખર્ચાઓ કવર થઇ શકે, પરંતુ તેનાથી પણ વિશેષ નિવૃત્તિ બાદ એક ઈચ્છિત જીવનને માણવાનું છે. નિવૃત્તિ માટેના આર્થિક આયોજનનો આ ફંડા બંધન છસ્ઝના સેલ્સ અને માર્કેટિંગ હેડ ગૌરવ પરિજાએ દર્શાવ્યો હતો.કાળજીપૂર્વકના આયોજન અને શિસ્તબદ્ધ નાણાકીય સંચાલન સાથે તમે નિવૃત્તિના દિવસો જુસ્સો, અનેકવિધ સ્થળોએ સહેલગાહ અને નાણાકીય રીતે ચિંતામુક્ત થઈને માણી શકો છો.

બચત માટેનો એક સુવ્યાખ્યાયિત પ્લાન એ છે કે તમે ન માત્ર નાણાકીય જરૂરિયાતો પરંતુ વ્યક્તિગત ઈચ્છાઓના આધારે પસંદગી કરી શકો. આ માટે નિવૃત્તિના લક્ષ્યો નક્કી કરવા ખૂબ જરૂરી છે. જે ઉંમરે વ્યક્તિ નિવૃત્ત થવા માંગે છે અને જે ઈચ્છિત જીવનશૈલી અપનાવવા માંગે છે તેના માટે નિવૃત્તિ દરમિયાન આર્થિક આઝાદી શું છે તે નક્કી કરવું જરૂરી છે. ચોક્કસ નિવૃત્તિ લક્ષ્યાંકો તમને આર્થિક આયોજન પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે સક્ષમ બનાવે છે. તમારા નિવૃત્તિ માટેના ફંડમાં નિવૃત્તિ બાદ આરોગ્યસંભાળ અને જીવન જરૂરી ખર્ચને પણ ધ્યાનમાં લેવા જોઈએ. આ પરિબળોને ધ્યાનમાં રાખીને તમે એક વાસ્તવિક ફાઈનાન્સિયલ પ્લાન બનાવી શકો છો.

એ પણ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે સમય જતા ફુગાવાની અસરને કારણે તમારી નિવૃત્તિની બચતમાં પણ ઘટાડો થશે. તમારે એ સુનિશ્ચિત કરવાની જરૂર રહેશે કે તમારું રોકાણ વૈવિધ્યસભર છે અને ફુગાવાની સામે સંભવિત સારું રિટર્ન આપે તેવી એસેટ્સ સુધી પહોંચ છે. નિવૃત્તિના આયોજનના ભાગરૂપે ફુગાવાનું અનુમાન એ લાંબા ગાળે તમારી બચતના મૂલ્યને સાચવી રાખવા માટે જરૂરી છે. અર્થતંત્રમાં થતા ફેરફારને અનુસાર તમારા આર્થિક લક્ષ્યો તેમજ બજેટને સમયાંતરે ચેક કરતા રહો. તમે જેટલા વધુ તૈયાર અને અનુકૂલનશીલ રહેશો, એટલું જ વધારે તમારી આવકને ફુગાવા સામે રક્ષણ મળશે.તમારી આર્થિક સ્થિતિ માટે વાર્ષિક સમીક્ષા કરવી જરૂરી નિવૃત્તિનું આયોજન એ નિરંતર થતી પ્રક્રિયા છે જેના માટે સતત ધ્યાન આપવું જરૂરી છે. આમ કરવાથી તમે સમયાંતરે સમીક્ષા અને અપડેટ દ્વારા તમારી નિવૃત્તિ યોજનામાં નિર્ધારિત લક્ષ્યો સાથે આગળ વધી શકશો. તમારા ધ્યેયો અને રોકાણના પ્રદર્શનના સંદર્ભમાં તમારી વર્તમાન નાણાકીય સ્થિતિનું મૂલ્યાંકન કરવા વાર્ષિક સમીક્ષાઓ કરવી મહત્વપૂર્ણ છે.

## ઉડાન



રાહી, દોડે પણ તેના પગ જમીન પર ન ટકે. એમ લાગે કે તે હવામાં ઉડી રહી છે. ચંચલતા તેના અંગ અંગમાંથી વહી રહી હતી. તેના જન્મ વખતે ,પિતાજીને કાયમ મુસાફરી પર જવું પડે તેવા દિવસો હતા. રાહી જન્મી ત્યારે પહેલી વાર પિતાજીએ તેને ગોદમાં લીધી, દીકરીની ઉંમર હતી ૨૪ કલાક.

ગળે લગાડતાં બોલ્યા, 'બેટા તારા પિતાની કિસ્મત જો રોજ નવા સ્થળે જવાનું, રાહ પૂછીને નિયત સ્થળે પહોંચવાનું. '

૨૪ કલાક પહેલાં 'મા' બનેલી માનસી, આ સાંભળી રહી હતી. અચાનક બોલી 'દીકરીનું નામ રાહી પાડીએ તમને રાહ બતાડી જ્યાં જવું હશે ત્યાં પહોંચાડશે. મનોજને નામ ગમી ગયું માનસી પણ હરખાઈ ઊઠી. બસ તે દિવસથી મનોજની પરિસ્થિતિએ બદલાવ લીધો. છેલ્લે જ્યાં મુકામ હતો, તે શેઠને મનોજનું કાર્ય પસંદ આવ્યું.

રાહી ઘરે આવી અને તે શેઠનો ફોન આવ્યો,' મનોજભાઈ તમે જે ગામમાં રહો છો ત્યાં મારે દુકાન ખોલવી છે. મદદ કરશો ?'

મનોજ પોતાની ખુશી દબાવી, શાંતિથી બોલ્યો, ' કઈ જાતની '? ખુશ થયેલો મનોજ તરત બોલી ઉઠ્યો. બોલ્યા પછી થયું' જરા રાહ જોવી હતી'. તેમનો ઈરાદો શું છે જાણવો હતો. સંયમ રાખવો જરુરી હતો'. જબાન પર કાબૂ ન રહ્યો, હવે સચેત બની તેમની વાત સાંભળી રહ્યો. હં, હા, હું જેવા જવાબ આપતો. માનસી સાથે વાત કરવી જરુરૂ હતી.

વાત આગળ ચાલી. × આપણે સાથે ધંધો કરીશું . તમારે પૈસા રોકવાના નથી. નફામાં ૫૦ ૦/૦ ભાગિદારી. મનોજને પોતાના કાન પર વિશ્વાસ ન બેઠો. મહેનતુ હતો, ઈમાનદાર હતો. ધંધો પણ એવા પ્રકારનો હતો જેમાં નફો થશે તેની ખાત્રી હતી. બસ દિવસ ફરી ગયા. મનોજનો રાહ નક્કી થઈ ગયો.

રાહીનું બાળપણ સુંદર રીતે પુરું થયું. રાહી હાઈસ્કૂલમાં આવી ગઈ. ભણવાની ધગશ હતી.

ચંચલ રાહી નૃત્ય કળામાં પ્રવીણ સાબિત થઈ. ભણવામાં માની બુદ્ધિ લઈને આવી હતી. ગણિત, અંગ્રેજી અને વિજ્ઞાનમાં વર્ગમાં પ્રથમ નંબર આવતો. ઈતિહાસ અને ભુગોળ ગમતાં પણ યાદ રાખવામાં મુશકેલી પડતી.

રાહી, પછી ઘરમાં દીકરો આવ્યો હતો. ગગન, જેને ઉડવાનો શોખ હતો. રાહી કરતાં પાંચ વરસ નાનો. બંને ભાઈ બહેનને એકબીજા વગર પલભર ન ચાલે. તોફાની ગગન, ગયા વર્ષે પતંગ ચગાવતાં પડ્યો, પગ ભાંગ્યો. બે મહિના ખાટલા પરથી ઊઠી ન શક્યો. રાહી ભાઈલાના બધા કામ દોડીને કરતી. ગગન દીદીના પગલે ચાલી પ્રગતિ કરી રહ્યો હતો. મનોજ અને માનસીને રાહત રહેતી.

બાળપણ પવન વેગે વહી ગયું. હાઈસ્કૂલમાં પ્રથમ નંબરે પાસ થઈ. તે સમયે અમેરિકાથી 'નાસા'નો એક વૈજ્ઞાનિક 'એરિક 'વક્તા તરિકે રાહીની શાળામાં આવ્યો હતો. રાહી તો એને જોઈને આભી થઈ ગઈ. તેની પ્રવચન બાદ 'એરિક' વિદ્યાર્થિઓને પ્રશ્નો પૂછી રહ્યો હતો. રાહીનું વિજ્ઞાન ક્ષેત્રે સુંદર વાચન હતું .

એરિકના પ્રવચનથી અભિભૂત થઈ ગઈ. તેણે પૂછેલા બધા પ્રશ્નોના ઉત્તર સરસ રીતે આપી રહી. એરિકને રાહીને મળી વાત કરવાનું મન થયું. આટલી નાની ઉંમરમાં આવી સુદર બાળા ખૂબ જ્ઞાન ધરાવે છે, તે તેને ઘણું ગમ્યું.

ઈન્ટરનેટ પર રાહી બધું વાંચતી હતી. 'કલ્પના ચાવલા અને સુનિતા વિલિયમ્સ વિષે' જાણતી હતી. એરિક સાથે વાર્તાલાપના ફળ સ્વરુપ રાહીને અમેરિકા આગળ ભણવા જવાના દ્વાર ખૂલ્યા. એરિકે શાળા પાસેથી રાહી વિષે માહિતિ એકઠી કરી.

રાહી માત્ર ૧૬ વર્ષની હતી. રાહીના પિતા મનોજ સાથે ઈ મેઈલ પર વાતચીત કરી. મનોજે આનંદ વ્યક્ત કર્યો. જણાવ્યું, 'રાહી હજુ નાની છે. એને ચાર વર્ષ એંજિનયરિંગ કરવા દો. ત્યાર પછી યોગ્યતા હશે તો તમે એના માટે પ્રયાસ કરી બોલાવશો.

રાહી મન દઈને ભણી. 'એરોનેટિક્સ એંજિનિયર' થઈ. પ્રથમ આવવાનું તેના ભાગ્યમાં ન હતું. જે રીતે તે ભણીને સફળ થઈ. એરિક તેને ભૂલ્યો ન હતો. તેની પ્રગતિ પર બરાબર ધ્યાન આપતો હતો. રાહીનો ઉત્સાહ અને તેની બુદ્ધિમતાથી તે પ્રભાવિત થયો હતો. રાહીએ ભણવાનું પુરું કર્યું. એરિકે તેનું વચન પાળ્યું.

'નાસા'માં પોતાની યોગ્યતા દર્શાવવા આવી પહોંચી. 'રાહીનું સપનું પુરું થશે' .

**પ્રવિણા,કડકીયા,અમેરીકા**

# વસુધા ઇનામદાર -સ્પર્શ-

અમેરિકાથી ભારત જવાનું દર વર્ષે થાય. અમારો કેલિફોર્નિયાનો નિવાસ છોડ્યાં પછી બૉસ્ટનનો શિયાળો અમને ખૂબ આકરો લાગતો. તેથી સ્વદેશ જવા માટેનું મજબૂત બહાનું મળી જતું. તક મળતાં જ પોતાના દેશમાં જવા માટે ખાસ કરીને ગુજરાતી ભાષા બોલનારી, અહીં આવીને વસેલી ડાયસ્પોરા પેઢીને તીવ્ર ઈચ્છા હોય છે. નોકરી ધંધામાંથી નિવૃત્ત થઈને તેઓ વિચારે છે કે, ચાલો બહુ કામ કર્યું , દેશમાં જઈ થોડું ફરી આવીએ, જૂનાં મિત્રોને મળતાં આવીએ . અમે પણ એવા જ આશયથી સ્વદેશ જવા નીકળ્યાં. નીકળતાં પહેલાં ભારતના લોહપુરુષ તરીકે જાણીતા સરદાર પટેલની (સ્ટેચ્યું ઓફ યુનિટી ) વિશાળ તેમજ દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા જોવાનું નક્કી કર્યું.

ભારત પહોંચ્યાંના દસેક દિવસ પછી વહેલી સવારે અમે મીની વૅનમાં સહુ સહેલીઓ નીકળી પડ્યાં. ગુલાબી ઠંડીવાળી તાજગીભરી સવાર ! રસ્તા પરથી પસાર થતાં દર્શન દેતી નાનીમોટી પર્વતોની હારમાળા, અમારી વાતો અટકવાનું નામ નહોતી લેતી. ત્યાં અચાનક એક સહેલી બોલી , "ભાઈ , પેલા પૂજા રેસ્ટોરાં આગળ ગાડી ઊભી રાખજોને ?"

ડ્રાઇવર બોલ્યો, "હા હા બહેન, ગરમાગરમ ગોટા ને આદુવાળી ચા. " તે ખડખડાટ હસી પડ્યો ને ફરી બોલ્યો , "બહેન, તમે ના કહ્યું હોત, તો પણ હું ગાડી ત્યાં ઊભી રાખત. કડક મીઠી ચા ને મેથીના ગરમ ગોટા ! બહુ ફેમસ છે હં કે."

થોડા સમય પછી અમે એક નાનકડી પણ સુંદર વ્યૂવાળી પૂજા રેસ્ટોરાં આગળ આવીને ઊભા રહ્યાં. ગુલાબી ઠંડી પછીનો સરસ મજાનો તડકો હતો, સૌ અંદર જવાં લાગ્યાં.

મેં કહ્યું , "બહાર આટલું સરસ વાતાવરણ છે, મજાની લૉન છે, ટેબલ ખુરશી પણ છે તો ચાલો ને બહાર જ બેસીએ"

અમારાં સહુનાં ગામગપાટાં તો ચાલું જ હતાં. થોડીક વાર થઈ હશે ને ત્યાં જ એક સિત્તેર -પંચોતેર વર્ષના કૃશકાય માજી મારી નજીક આવી ચૂપચાપ ઊભાં રહ્યાં. એમને જોઈને એવું લાગ્યું કે, એક સમયે શરીરની તંદુરસ્તી સારી હશે, પણ હવે ઊંડે ઉતરી ગયેલું પેટ, તેની પર લટકતી ચામડી ભૂખમરાની ચાડી ખાતી હતી. કંઈક આપવાના ઈરાદે મેં મારી પર્સ મારી નજીક ખેંચી, પછી તે ખોલ્યાં વગર બાજુમાં પડેલો પાણીનો ગ્લાસ માજી આગળ સરકાવ્યો. એમણે પાણી પીધું. મેં એમને પૂછયું ,'માજી ગરમાગરમ ભજીયાં ખાશો ને સાથે ગરમ ચા પીશો ?' મારી સહેલીઓએ આશ્ચર્યથી અને થોડા અણગમાથી મારી સામે જોયું.

મેં એમની દૃષ્ટિની જાણેઅજાણે ઉપેક્ષા જ કરી. મારી વાત સાંભળી માજીની આંખો ચમકી ઉઠી. એમણે પહેરેલી જીર્ણ અને ક્યાંક ક્યાંક ફાટેલી સાડીના પાલવે મારેલી ગાંઠમાંથી, થોડાક રૂપિયા ટેબલ પર મૂક્યાં ને તે બોલ્યાં, "મારી પાસે તો આટલાં જ છે, ખૂટતાં ઉમેરી દઈશ ?"

મને એમનાં પ્રત્યે માન અને કરુણા બંને એકી સાથે ઉપજ્યાં. મેં હસીને પૈસા પાછાં આપ્યાં. થોડી વાર કોઈ કંઈ બોલ્યું નહી ! ગરમાગરમ ગોટા ને ચા આવી , માજી એમની ડિશ લઈને નીચે બેસી ગયાં. મને તે ન ગમ્યું, પણ સાથીદારોના ચહેરા પરનો અણગમો વાંચી શકાતો હતો. હું માજીને ખુરશી પર બેસવાનું ના કહી શકી. મેં વિચાર્યું કે હું એમની સાથે લૉન પર નીચે બેસું તો કોઈને વાંધો નહી આવે. એ બહાને હું માજીને કંપની આપી શકીશ.




મેં મારી ખુરશી ખાલી કરી. મને નીચે બેઠેલી જોઈ પૂજા રેસ્ટોરાંના માલિક દોડતા આવ્યા, ને મને કહ્યું, 'બહેન તમે ખુરશી પર બેસો"

ને હું કાંઈ કહું તે પહેલાં માજીનો હાથ પકડીને એમને પણ ખુરશી પર બેસાડતા, મને ઉદ્દેશીને બોલ્યાં, "બહેન, પૂજા રેસ્ટોરાંમાં ઘરાકો તો ઘણાં આવે, પણ તમારાં જેવા માણસ તો કયારેક જ આવે છે." ગંભીર ચહેરે બેઠેલી સખીઓએ એમની વાતને વધાવી, ખુશ થઈને પોતાને પણ ના સંભળાય એમ હળવે હાથે તાળીઓ પાડી.

મેં પૂજા રેસ્ટોરાંના માલિકને ઈશારાથી બોલાવ્યા ને પાંચસો રૂપિયાની પાંચ નોટ એમની સામે સરકાવતા કહ્યું, "આ ઠંડીની સિઝનમાં માજી જેવા કોઈક તમારાં પૂજા રેસ્ટોરાંમાં આવીને ઊભાં રહે તો, એમને તમારી અત્યંત ફેમસ ચા ને સરસ મજાના મેથીના ગોટા જરૂરથી ખવડાવજો."

શરૂઆતમાં અણગમો દેખાડનારી મારી સહેલીઓ હવે પોતાની ઈચ્છા મુજબ પર્સમાંથી રકમ કાઢીને ટેબલ પર મૂકવા માંડી. એ જોઈ પેલા ભાઈ બોલ્યા, "મારું નામ ધરમદાસ છે. સૌ મને ધરમભાઈ કહે છે. ઈશ્વરની આટલી બધી કૃપા હોવા છતાં, હું મારો ધરમ ભૂલ્યો. આજ પછી કોઈ પૈસા વિનાનો ભૂખ્યો માણસ અહીં આવીને ઊભો રહેશે તેને હું ખાલી પેટે નહી જવા દઉં. ટેબલ પરના પૈસા એમણે હાથ જોડી પાછાં ઠેલ્યાં. અમે આગ્રહપૂર્વક એમના હાથમાં મૂક્યાં.

માજીએ ગોટા ખાઈને વધેલાં પાણીથી હાથ ધોયા ના ધોયા ને તેઓ મારી ખુરશી પાછળ આવીને ઊભાં રહ્યાં. માજીએ એમનો ધ્રૂજતો હાથ મારે માથે મૂકયો. મને આશીર્વાદ આપ્યા કે કેમ તેની મને ખબર નથી, પણ વર્ષો પહેલાં અમેરિકા જતી વેળાએ મારી માએ સ્ટ્રોકની પીડાથી પીડાતો એનો ધ્રૂજતો હાથ આમ જ મારે માથે મૂક્યો હતો !!

લેખિકા - વસુધા ઇનામદાર
ઈ મેલ: mdinamdar@hotmail.com
બૉસ્ટન ,અમેરિકા

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું